# NATWARLAL K. PATEL

**B.Com., LL.B., Advocate**

E.NO. G/425/1977. GAWF NO. AM/GRT/21251 Date:- 14/07/2005

**Office:**– 324 to 326, 3rd Floor, "SHUKAN MALL", Nr. Visat Petrol Pump,Sabarmati, Ahmedabad - 380005.
**Mo.** : 9558026999, Email :- nkpatel1953@gmail.com

**Date : 10/08/2022**

## <u>સર્ચ રીપોર્ટ</u>

પ્રતિ,

**"કૌટીલ્ય ડેવલોપર્સ"**
એ નામની ભાગીદારી પેઢી જેની રજીસ્ટર્ડ
ઓફીસઃ- ૧૬,દેના બેંક સોસાયટી,કિરણ
પાર્કની પાસે,નવા વાડજ,
અમદાવાદ- ૩૮૦૦૧૩.

**<u>બાબતઃ-</u>** રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ શહેર વિભાગ-૨ (વાડજ)ના તાલુકે સાબરમતીના મોજે ચાંદખેડા ગામની સીમના **સર્વે નં.૮૭૫/૩** ની ૫૬૬૬ સ.ચો.મીટર ખાતા નં.૫૯ વાળી જમીનને ટી.પી.સ્કીમ નં.૭૬/બી (ચાંદખેડા) મા આવરી લઈ ફાળવવામા આવેલ **ફા.પ્લોટ નં.૩૨૧ ની ૩૪૦૦ સ.ચો.મીટર** જમીન તથા **સર્વે નં.૮૭૫/૪** ની ૩૫૪૧ સ.ચો.મીટર ખાતા નં.૩૩૭ વાળી જમીનને ટી.પી.સ્કીમ નં. ૭૬/બી (ચાંદખેડા) મા આવરી લઈ ફાળવવામાં આવેલ **ફા. પ્લોટ નં.૩૨૨ ની ૨૧૨૫ સ.ચો.મીટર** બિનખેતીના ઉપયોગવાળી જમીન મળી **કુલે-૫૫૨૫ સ.ચો.મીટર** બહુહેતુક ઉપયોગ માટેની **<u>બિનખેતીની જમીન અંગેનો સર્ચ રીપોર્ટ</u>**

આપની સુચનાથી અમોએ મોજે ચાંદખેડા ગામની સીમના **સર્વે નં.૮૭૫/૩** ની ૫૬૬૬ સ.ચો.મીટર ખાતા નં.૫૯ વાળી જમીનને ટી.પી.સ્કીમ નં.૭૬/બી (ચાંદખેડા) મા આવરી લઈ ફાળવવામા આવેલ ફા.પ્લોટ નં.૩૨૧ ની ૩૪૦૦ સ.ચો.મીટર જમીન તથા **સર્વે નં.૮૭૫/૪** ની ૩૫૪૧ સ.ચો.મીટર ખાતા નં.૩૩૭ વાળી જમીનને ટી.પી.સ્કીમ નં. ૭૬/બી (ચાંદખેડા) મા આવરી લઈ ફાળવવામાં આવેલ ફા. પ્લોટ નં.૩૨૨ ની ૨૧૨૫ સ.ચો.મીટર બિનખેતીના ઉપયોગવાળી જમીન મળી કુલે - ૫૫૨૫ સ.ચો.મીટર બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીન અંગેનું ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ મેળવવા માટે તા.૧૨/૦૪/૨૦૨૨ ના રોજ "ગુજરાત સમાચાર" દૈનીક પેપરમાં જાહેર નોટીસ આપેલી. જેના આધારે આજદીન સુધી કોઈના વાંધાઓ નક્કી કરેલ મુદતમાં અમોને ન મળતા અમોએ છેલ્લા ૩૦ વર્ષના તલાટીના રેકર્ડ તથા ૩૦ વર્ષ સુધીના ગાંધીનગર તથા અમદાવાદના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાંથી તા. ૧૬/૦૪/૨૦૨૨ ના રોજ સદર જમીન અંગેની સર્ચ કરાવી તેના કાગળો, દસ્તાવેજો,એન્ટ્રીઓ તથા સર્ચના આધારે અને આપે કરી આપેલ નોટરી રૂબરૂના તા.

૧૦/૦૮/૨૦૨૨ ના રોજના ડેકલેરેશનના આધારે સદર સર્વે નંબરની જમીન અંગેનો સર્ચ રીપોર્ટ અમારા માનવા અને જાણવા પ્રમાણે અમો નીચે પ્રમાણે આપીએ છીએ.

**સર્વે નં.૮૭૫/૩ ની વિગત**

(૧)..મજકુર સર્વે નં.૮૭૫/૩ ની એકર,૧-૧૬ ગુઠા યાને ૫૬૬૬ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન પ્રથમ સને ૧૯૪૨ ની સાલથી શ્રી જવાનજી સરતાનજી વાઘેલાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામા આવેલી હતી.

(૨)..ત્યારબાદ મજકુર જમીનના માલીક શ્રી જવાનજી સરતાનજી વાઘેલાએ સદર જમીન તથા અન્ય જમીનો તા.૧૪/૧૧/૧૯૪૬ ના રોજ બાઈ ચંદાબા તે કાળુજી ભાથીજીની દિકરીને બક્ષીસ હકથી વેચવા અગર ગીરો મુકવા અગર હરકોઈ રીતે (અવાચ્ય) ન કરવાની શરતે કુટુંબના નિર્વાહને માટે લખી આપેલી.મજકુર બક્ષીસની રૂઈએ મજકુર જમીનના રેકર્ડમા કબજેદારના કોલમમા બાઈ ચંદાબા તે કાળુજી ભાથીજીની દિકરીનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૨૭૫૬ થી તા.૧૪/૧૧/૧૯૪૬ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૨૪/૦૧/૧૯૪૭ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૩)..મજકુર સર્વે નંબરની જમીન એકર,૨-૦૦ ગુઠાથી ઓછી જમીન હોઈ સદર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં બીજા હકકમાં તાલુકા સરકયુલરના હુકમ નં.એલ.એન.ડી.તા.૫૧ મુજબ ‘‘ટુકડા’’ ની નોંધ એન્ટ્રી નં.૩૦૨૦ થી તા.૨૫/૦૪/૧૯૫૧ ના રોજ નોંધ કરી સદર એન્ટ્રી તા.૩૦/૦૬/૧૯૫૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૪)..ત્યારબાદ મજકુર જમીનના માલીક બાઈ ચંદાબા તે કાળુજી ભાથીજીની દિકરીના વારસદાર શ્રી નવુજી જીવણજી વાઘેલાએ મજકુર જમીન સામે ધીરાણ લેવા માટે ‘‘ધી ચાંદખેડા સેવા સહકારી મંડળી લી.’’ માંથી સદર જમીન તારણમાં મુકી રૂા.૧૫૦/- પુરાની લોન લેવાથી સદર મંડળીએ એકરારનામું રજુ કરતા તારણની નોંધ રેકર્ડ ઓફ રાઈટસમાં બીજા હકકમાં એન્ટ્રી નં.૩૪૮૦ થી તા.૩૦/૦૯/૧૯૫૪ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૭/૦૫/૧૯૫૫ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૫)..ત્યારબાદ મજકુર જમીનના માલીક બાઈ ચંદાબા તે કાળુજી ભાથીજીની દિકરીના વારસદાર શ્રી નવુજી જીવણજી વાઘેલાએ મજકુર જમીન તથા અન્ય જમીન સામે ધીરાણ લેવા માટે ‘‘ધી ચાંદખેડા સેવા સહકારી મંડળી લી.’’ માંથી સદર જમીન તથા અન્ય જમીન તારણમાં મુકી લોન લેવાથી સદર મંડળીએ એકરારનામું રજુ કરતા તારણની નોંધ રેકર્ડ ઓફ રાઈટસમાં બીજા હકકમાં એન્ટ્રી નં.૪૬૮૧/૧ થી તા.૨૮/૦૮/૧૯૭૧ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૧૭/૦૫/૧૯૭૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૬)..ત્યારબાદ મજકુર જમીનના માલીક બાઈ ચંદાબા તે કાળુજી ભાથીજીની દિકરી તે શ્રી જવાનજી સરતાનજી વાઘેલાની વિધવા ઓરતનુ સને ૧૯૬૪ ની સાલના અરસામા બીનવસીયતે અવસાન થયેલુ.મરહુમ બાઈ ચંદાબા તે કાળુજી ભાથીજીની દિકરી તે શ્રી જવાનજી સરતાનજી વાઘેલાની વિધવા

PATEL
ADVOCATE
25/1977

ઓરતના અવસાન સમયે તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે શ્રી નવુજી જીવણજી વાઘેલા તથા શ્રી રામાજી પ્રતાપજી જવાનજી વાઘેલા તથા શ્રી સતુજી પ્રતાપજી જવાનજી વાઘેલા તથા કેશરબા તે કાનાજી જવાનજી વાઘેલાની વિધવા ઓરત સિવાય બીજા કોઈ વારસદારોમાં પુત્રો કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ શ્રી નવુજી જીવણજી વાઘેલા વિગેરેના સંયુકત નામ દાખલ કરવા માટે મે.તલાટી સાહેબ રૂબરૂ અરજી,જવાબ આપવાથી મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા એન્ટ્રી નં.૪૬૮૬ થી તા.૦૭/૦૯/૧૯૭૧ ના રોજ શ્રી નવુજી જીવણજી વાઘેલા વિગેરેના સંયુકત નામ દાખલ કરી મજકુર એન્ટ્રી તા.૧૬/૧૦/૧૯૭૧ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૭)..મજકુર જમીનના રેકર્ડમાં બીજા હકકમાં અગાઉ ટુકડા તરીકેની નોંધ એન્ટ્રી નં.૩૦૨૦ થી પાડવામાં આવેલી.પરંતુ ત્યારબાદ મજકુર જમીન અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનની હદથી બે માઈલના વિસ્તારમાં આવી જતા ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ક્રમાંક-અકત/૨૨૭૦/પી.ઈ./૧૨૭૪ થી તા.૨૮/૦૫/૧૯૭૧ ના રોજ થવાથી મે.કલેકટર સાહેબ ગાંધીનગરના હુકમ નં.સી.બી./લેન્ડ/વશી/૭૦૫ થી તા.૧૬/૦૬/૧૯૭૧ નીચે તાલુકા હુકમ નં.કોન્સો/ગાંધીનગર/તા.૧૬/૦૮/૧૯૭૧ ના આધારે એન્ટ્રી નં.૪૭૬૬ થી તા. ૧૪/૦૩/૧૯૭૪ ના રોજ "ટુકડા" તરીકેની નોંધ કમી કરી સદર એન્ટ્રી તા.૨૫/૦૫/૧૯૭૪ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૮)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક શ્રી નવુજી જીવણજી વાઘેલાનુ તા. ૧૬/૦૨/૧૯૯૪ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ. મરહુમ શ્રી નવુજી જીવણજી વાઘેલાના અવસાન સમયે તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે શ્રી કરણસિંહ નવુજી વાઘેલા તથા શ્રી ભરતસિંહ નવુજી વાઘેલા તથા શ્રી પ્રકાશસિંહ નવુજી વાઘેલા તથા શણગારબા તે નવુજી જીવણજી વાઘેલાની વિધવા સિવાય બીજા કોઈ વારસદારોમાં પુત્રો કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ શ્રી કરણસિંહ નવુજી વાઘેલા વિગેરેના સંયુકત નામ દાખલ કરવા માટે મે.તલાટી સાહેબ રૂબરૂ અરજી,જવાબ,પંચનામુ આપવાથી મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા એન્ટ્રી નં.૬૫૨૯ થી તા.૧૬/૦૮/૧૯૯૫ ના રોજ શ્રી કરણસિંહ નવુજી વાઘેલા વિગેરેના સંયુકત નામ દાખલ કરી મજકુર એન્ટ્રી તા. ૨૮/૧૦/૧૯૯૫ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૯)..મજકુર જમીન માલીક શ્રી નવુજી જીવણજી વાઘેલાએ મજકુર જમીન તારણમાં મુકી "ધી ચાંદખેડા સેવા સહકારી મંડળી લી." મંડળીમાંથી લોન લીધેલ તે લોનની રકમ ચુકતે હિસાબે મજકુર જમીનના માલીકોએ "ધી ચાંદખેડા સેવા સહકારી મંડળી લી." માં ભરપાઈ કરી દેતા મંડળીએ તા. ૧૬/૧૧/૧૯૯૫ ના રોજ તારણ મુકત કરવા પ્રમાણપત્ર આપવાથી તારણમાંથી મુકિતની નોંધ રેકર્ડ ઓફ રાઈટસમાં બીજા હકકમાં એન્ટ્રી નં.૬૫૫૭ થી તા.૧૭/૧૧/૧૯૯૫ ના રોજ કરી મજકુર એન્ટ્રી તા.૦૧/૦૨/૧૯૯૬ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૦)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૭૫/૩ ની ૫૬૬૬ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીકો શ્રી રામાજી પ્રતાપજી વાઘેલા તથા કેશરબેન તે કાનાજી જવાનજી વાઘેલાની વિધવા તથા

શ્રી સતુજી પ્રતાપજી વાઘેલા તથા શણગારબા તે નવુજી જીવણજી વાઘેલાની વિધવા તથા શ્રી કરણસિંહ નવુજી વાઘેલા તથા શ્રી ભરતસિંહ નવુજી વાઘેલા તથા શ્રી પ્રકાશસિંહ નવુજી વાઘેલા પાસેથી શ્રી રાજેન્દ્ર પ્રહલાદભાઈ નાયક તથા શ્રી બીપીનભાઈ ઉર્ફે દિલીપકુમાર પ્રહલાદભાઈ નાયકે તેમની સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૦૧/૦૨/૧૯૯૬ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૩૪૪ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીન રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રી રાજેન્દ્ર પ્રહલાદભાઈ નાયક તથા શ્રી બીપીનભાઈ ઉર્ફે દિલીપકુમાર પ્રહલાદભાઈ નાયકના સંયુકત નામ એન્ટ્રી નં.૬૬૫૦ થી તા. ૦૨/૦૯/૧૯૯૬ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૬/૧૧/૧૯૯૬ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૧)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૭૫/૩ ની ૫૬૬૬ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીકો શ્રી રાજેન્દ્ર પ્રહલાદભાઈ નાયક તથા શ્રી બીપીનભાઈ ઉર્ફે દિલીપકુમાર પ્રહલાદભાઈ નાયક પાસેથી શ્રી પુનમચંદ મણીલાલ પટેલ તથા શ્રી પોપટલાલ અમરતલાલ પટેલે તેમની સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૨૨/૦૧/૨૦૦૪ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૯૫૦ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીન રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રી પુનમચંદ મણીલાલ પટેલ તથા શ્રી પોપટલાલ અમરતલાલ પટેલના સંયુકત નામ એન્ટ્રી નં.૭૮૨૯ થી તા.૨૩/૦૧/૨૦૦૪ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૬/૦૨/૨૦૦૪ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૨)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૭૫/૩ ની ૫૬૬૬ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીકો શ્રી પુનમચંદ મણીલાલ પટેલ તથા શ્રી પોપટલાલ અમરતલાલ પટેલ પાસેથી શ્રી બાબુજી ઉદાજી પરમાર તથા શ્રી પોપટજી ઉદાજી પરમારે તેમની સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૧૪/૧૦/૨૦૦૪ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૯૩૦૭ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીન રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રી બાબુજી ઉદાજી પરમાર તથા શ્રી પોપટજી ઉદાજી પરમારના સંયુકત નામ એન્ટ્રી નં.૭૯૭૦ થી તા.૨૦/૧૦/૨૦૦૪ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૪/૧૨/૨૦૦૪ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૩)..મજકુર ચાંદખેડા ગામના તમામ સર્વે નંબર તથા મહેસુલી રેકર્ડ સરકારશ્રીના તા.૧૭/૦૧/૨૦૦૮ ના રોજના હુકમ નં.જી.એચ.એ./૨૦૦૮/૨/એમ/પી.એફ.આર.-૩૯૨૦૦૮-૩૫-એલ-૧ થી જોઈન્ટ સેક્રેટરીશ્રી,મહેસુલ વિભાગ,ગુજરાત રાજય,ગાંધીનગરના હુકમથી સદર રેકર્ડ અમદાવાદ જીલ્લાના દસ્ક્રોઈ તાલુકામાં તબદીલ કરવા હુકમ થવાથી તેની નોંધ એન્ટ્રી નં.૮૮૨૧ થી તા.૦૮/૦૨/૨૦૦૮ ના રોજ કરી સદર એન્ટ્રી તે જ તારીખે મંજુર કરવામા આવેલી છે.

(૧૪)..જીલ્લા કલેકટરશ્રી અમદાવાદના તા.૩૦/૦૧/૨૦૦૮ ના હુકમ નં.સી.બી./એલ.એન.ડી-૨/સી-૪૦૧૯/૦૮ થી ચાંદખેડા નગરપાલીકાનો મહેસુલી વિસ્તાર અમદાવાદ જીલ્લામાં સમાવિષ્ટ કરવામાં આવતા મોજે ચાંદખેડા તા.ગાંધીનગરના તમામ સર્વે નંબરો સહીતની વિગતો દસ્ક્રોઈ તાલુકામા સમાવિષ્ટ કરવા તેમજ પ્રાદેશીક ફેરફાર નવા ગામ તરીકે દાખલ કરવા એન્ટ્રી નં.૮૮૨૨ થી તા.૦૮/૦૨/૨૦૦૮ ના રોજ નોંધ કરી સદર એન્ટ્રી તે જ તારીખે પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૫)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૭૫/૩ ની ૫૬૬૬ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીકો શ્રી બાબુજી ઉદાજી પરમાર તથા શ્રી પોપટજી ઉદાજી પરમાર પાસેથી શ્રી મનુભાઈ મોહનભાઈ પટેલ (વગર વહેચાયેલ ૧૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી દિપકકુમાર મનુભાઈ પટેલ (વગર વહેચાયેલ ૨૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી મહેશકુમાર મનુભાઈ પટેલ (વગર વહેચાયેલ ૨૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી વિપુલભાઈ મનુભાઈ પટેલ (વગર વહેચાયેલ ૫૦ ટકાના હિસ્સેદાર)એ દરેકની સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૧૮/૧૨/૨૦૧૦ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમદાવાદ શહેર વિભાગ-૨ (વાડજ) ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૨૩૨૮૯ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીન રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા શ્રી મનુભાઈ મોહનભાઈ પટેલ વિગેરેના સંયુકત નામ એન્ટ્રી નં.૧૦૦૫૨ થી તા.૩૦/૧૨/૨૦૧૦ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૧/૦૩/૨૦૧૧ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૬)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૭૫/૩ ની ૫૬૬૬ સ.ચો.મીટર જમીનને ટી.પી.સ્કીમ નં. ૭૬/બી (ચાંદખેડા) મા આવરી લઈ ફા.પ્લોટ નં.૩૨૧ ની ૩૪૦૦ સ.ચો.મીટર જમીન ફાળવવાનુ નકકી કરેલુ છે.

(૧૭)..ત્યારબાદ સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક ૫ફર/૧૦૨૦૧૧/૨૭૫/લ/૧ થી તા.૧૭/૦૩/૨૦૧૨ થી અમદાવાદ જીલ્લાના સીટી અને દસ્ક્રોઈ તાલુકાના પુનઃ ગઠન કરી અમદાવાદ તાલુકાના નવા બે તાલુકા અમદાવાદ (પૂર્વ) તથા અમદાવાદ (પશ્ચિમ) ની રચના કરવામા આવેલ.જે અન્વયે દસ્ક્રોઈ તાલુકાનુ ચાંદખેડા ગામ અમદાવાદ સીટી(પશ્ચિમ) મા પ્રાદેશીક ફેરફાર નવા ગામ તરીકે દાખલ કરવા સદર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૧૦૭૬૧ થી તા.૦૩/૦૫/૨૦૧૨ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૫/૦૫/૨૦૧૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા તેજ તારીખે પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૮)..ત્યારબાદ મજકુર જમીનના માલિક શ્રી દિપકભાઈ મનુભાઈ પટેલે તેમના વગર વહેચાયેલ ૨૦ ટકા ભાગની મજકુર સર્વે નં.૮૭૫/૩ ની ૫૬૬૬ સ.ચો.મીટર જમીન પૈકી ૧૧૩૨.૨૦ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન શ્રી શંકરભાઈ ચતુરભાઈ પટેલને વેચાણ આપવાનુ નકકી કરીને તા. ૦૫/૦૧/૨૦૧૮ ના રોજ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર રીતસરનુ રજીસ્ટર્ડ કબજા સિવાયનુ બાનાખત અમદાવાદ શહેર વિભાગ-૧૩(સીટી તાલુકા ખેતી)ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૪૧ થી તે જ તારીખે નોંધાવી કરી આપેલુ.

K. PATEL ADVOCATE * 1971

પરંતુ ત્યારબાદ મજકુર સર્વે નં.૮૭૫/૩ ની ૫૬૬૬ સ.ચો.મીટર જમીન પૈકી ૨૦ ટકા ભાગ પ્રમાણેની વગર વહેચાયેલ ૧૧૩૨.૨૦ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન અંગે તા.૦૫/૦૧/૨૦૧૮ ના રોજનુ અનુક્રમ નં.૪૧ વાળુ રજીસ્ટર્ડ કબજા સિવાયનુ બાનાખત શ્રી શંકરભાઈ ચતુરભાઈ પટેલે મજકુર જમીનના માલિક શ્રી દિપકભાઈ મનુભાઈ પટેલની તરફેણમા તા.૧૦/૦૫/૨૦૧૮ ના રોજ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર રીતસરનો રજીસ્ટર્ડ અનુક્રમ નં.૪૧/૨૦૧૮ નો કેન્સલેશનનો લેખ અમદાવાદ શહેર વિભાગ-૧૩(સીટી તાલુકા ખેતી)ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૧૩૦ થી તે જ તારીખે નોંધાવી “રદ” કરી આપેલ છે.

(૧૯)..પરંતુ તે અગાઉ મજકુર સર્વે નં.૮૭૫/૩ ની જમીન અંગે વાદી શ્રી મણીરામ ધનઈ પાસી તથા પુષ્પાબેન મણીરામ પાસીએ પ્રતિવાદી શ્રી રાજેન્દ્ર પ્રહલાદભાઈ નાયક તથા શ્રી બીપીનભાઈ ઉર્ફે દિલીપકુમાર નાયક સામે ગાંધીનગરના મે.બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમા તા. ૨૦/૦૯/૨૦૦૪ ના રોજ સ્પે.દી.મુ.નં.૮૫/૨૦૦૪ થી દાવો દાખલ કરેલો.જેની રૂઈએ સદર દાવા અંગે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ-૫૨ તથા ઈન્ડીયન રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૮ પ્રમાણે તા.૧૪/૦૫/૨૦૧૮ ના રોજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૧૫૩ થી લીસપેન્ડન્સીની નોટીસ નોંધાવેલી.

(૨૦)..ત્યારબાદ સદર રે.દી.મુ.નં.૮૫/૨૦૦૪ વાળો દાવો ગાંધીનગરના મે.બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબે તા.૨૯/૦૪/૨૦૧૯ ના રોજ આખરી હુકમ કરી “ના મંજુર યાને કે રદ કરવાનો” હુકમ કરવામા આવેલ છે. જેથી મજકુર હુકમની રૂઈએ તા.૧૪/૦૫/૨૦૧૮ ના રોજ સદર દાવા બાબતે નોંધવામા આવેલ લીસપેન્ડન્સીની નોટીસ “રદ” કરવા અંગેનુ લખાણ મજકુર જમીનના માલિક શ્રી મનુભાઈ મોહનભાઈ પટેલે તા.૧૪/૦૫/૨૦૧૯ ના રોજ અમદાવાદ શહેર વિભાગ-૧૩(સીટી તાલુકા ખેતી) ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૯૯૯ થી તે જ તારીખે નોંધાવી “રદ” કરેલ છે.

(૨૧)..ત્યારબાદ મજકુર જમીનના માલિકોએ મજકુર સર્વે નં.૮૭૫/૩ ની ૫૬૬૬ સ.ચો.મીટર જમીનના ફા.પ્લોટ નં.૩૨૧ ની ૩૪૦૦ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીનમા મલ્ટીપર્પઝ હેતુ માટેનો ઉપયોગ કરવા માટેની પરવાનગી મેળવવા માટે અમદાવાદના મે.જીલ્લા કલેકટર સાહેબની કચેરીમા અરજી કરતા અમદાવાદના મે.જીલ્લા કલેકટર સાહેબે તેમના હુકમ નં.સીબી/એનએ/અમદાવાદ/ચાંદખેડા/૮૭૫/૩/1009284/૨૦૧૯ થી તા.૦૩/૦૬/૨૦૧૯ ના રોજ પરવાનગી આપેલી છે.મજકુર એન.એ.ના હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૧૩૬૦૬ થી તા.૧૫/૦૬/૨૦૧૯ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૯/૦૭/૨૦૧૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૨)..ત્યારબાદ મજકુર સર્વે નં. ૮૭૫/૩ ની ૫૬૬૬ સ.ચો.મીટર ખાતા નં.૫૯ વાળી જમીનને ટી.પી.સ્કીમ નં.૭૬બી (ચાંદખેડા)મા આવરી લઈ ફાળવવામા આવેલ ફા.પ્લોટ નં.૩૨૧ ની ૩૪૦૦ સ.ચો.મીટર મલ્ટીપર્પઝ ઉપયોગ માટેની બિનખેતીની જમીન તેના માલીકો શ્રી મનુભાઈ મોહનભાઈ પટેલ (વગર વહેંચાયેલ ૧૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી દિપકકુમાર મનુભાઈ પટેલ (વગર વહેંચાયેલ ૨૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી મહેશકુમાર મનુભાઈ પટેલ (વગર વહેંચાયેલ ૨૦ ટકાના હિસ્સેદાર) તથા શ્રી વિપુલભાઈ મનુભાઈ પટેલ (વગર વહેંચાયેલ ૫૦ ટકાના હિસ્સેદાર) પાસેથી “દક્ષ

એન્ટરપ્રાઈઝ" એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી ભરતકુમાર કમલભાઈ જેઠવાણીએ તા.૧૫/૧૦/૨૦૧૯ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમદાવાદ શહેર વિભાગ-૨ (વાડજ)ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૧૮૨૭૭ થી તેજ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબજેદારના કોલમમા "દક્ષ એન્ટરપ્રાઈઝ" એ નામની ભાગીદારી પેઢીનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૧૩૭૬૫ થી તા.૧૯/૧૦/૨૦૧૯ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૬/૧૧/૨૦૧૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૩)..ત્યારબાદ મજકુર સર્વે નં. ૮૭૫/૩ ની ૫૬૬૬ સ.ચો.મીટર ખાતા નં.૫૯ વાળી જમીનને ટી.પી.સ્કીમ નં.૭૬બી (ચાંદખેડા)મા આવરી લઈ ફાળવવામા આવેલ ફા.પ્લોટ નં.૩૨૧ ની ૩૪૦૦ સ.ચો.મીટર મલ્ટીપર્પઝ ઉપયોગ માટેની બિનખેતીની જમીન તેના માલીકો "દક્ષ એન્ટરપ્રાઈઝ" એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી ભરતકુમાર કમલભાઈ જેઠવાણી પાસેથી તમો "કૌટીલ્ય ડેવલોપર્સ"એ નામની પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર..શ્રી કિરણ રસીકલાલ કામદારે તા.૦૪/૦૪/૨૦૨૨ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમદાવાદ શહેર વિભાગ-૨ (વાડજ)ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૫૪૦૬ થી તેજ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબજેદારના કોલમમા તમો "કૌટીલ્ય ડેવલોપર્સ"એ નામની પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર..શ્રી કિરણ રસીકલાલ કામદારનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૧૪૮૫૮ થી તા.૧૨/૦૪/૨૦૨૨ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૧૩/૦૫/૨૦૨૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

**<u>સર્વે નં.૮૭૫/૪ ની વિગત</u>**

(૨૪)..મજકુર સર્વે નં.૮૭૫/૪ ની એકર,૦૦-૩૫ ગુઠા યાને ૩૫૪૧ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન પ્રથમ સને ૧૯૫૧ ની સાલથી એકશ્રી મનુજી ઉમાજીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામા આવેલી હતી.

(૨૫)..ત્યારબાદ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં બીજા હકકમાં જમીનના ભાગલા પડતા અટકાવવા અને તેનુ એકત્રીકરણ કરવા માટે સને ૧૯૪૭ ના કાયદાની કલમ-૫ મુજબ સદર દસ્તાવેજવાળી જમીનનુ ક્ષેત્રફળ જરાયત જમીન તરીકે બે એકરથી ઓછુ હોઈ તાલુકા સરકયુલરના હુકમ નં.એલ.એન.ડી.તા.-૫૧ મુજબ ટુકડા ધારા હેઠળ "ટુકડા" તરીકેની નોંધ એન્ટ્રી નં.૩૦૨૦ થી તા. ૨૫/૦૪/૧૯૫૧ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૯/૦૪/૧૯૫૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૬)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૭૫/૪ ની એકર,૦૦-૩૫ ગુઠા જુની શરતની ખેતીની જમીન તેના માલીક શ્રી મનુજી ઉમાજી પાસેથી શ્રી પ્રહલાદભાઈ નારણભાઈ નાયકે ઉચ્ચક રૂા.૬૦૦/- પુરામા તા.૦૫/૦૬/૧૯૫૬ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી. મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડમા કબજેદારના કોલમમા શ્રી પ્રહલાદભાઈ નારણભાઈ નાયકનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૩૫૭૯ થી તા.૦૨/૦૮/૧૯૫૬ ના રોજ

(૩૬)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૭૫ ના હિસ્સા નં.૪ ની ૩૫૪૧ સ.ચો.મીટર ખાતા નં.૩૩૭ વાળી જમીન શ્રી જયંતિભાઈ પ્રહલાદભાઈ નાયક વિગેરેએ તેમના સંયુકત કુટુંબની કાયદેસરની જરૂરીયાત માટે તથા કુટુંબના હીત માટે તથા બેનીફીટ ઓફ એસ્ટેટના લાભાર્થે મજકુર જમીન "સંકલ્પ ઈન્ફ્રાસ્ટ્રકચર" એ નામની માલીકી પેઢીના માલીક શ્રી હિતેશકુમાર ઈશ્વરલાલ ઠકકરને કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ આપવાનુ નકકી કરીને તા.૧૧/૦૪/૨૦૧૮ ના રોજ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર રીતસરનુ રજીસ્ટર્ડ બાનાખત અમદાવાદ શહેર વિભાગ-૧૩(સીટી તાલુકા ખેતી) ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૮૮૧ થી તે જ તારીખે નોંધાવેલ છે.

(૩૭)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક શ્રી પ્રહલાદભાઈ નારણભાઈ નાયકનુ તા.૦૩/૧૦/૧૯૯૮ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ. મરહુમ શ્રી પ્રહલાદભાઈ નારણભાઈ નાયકના અવસાન અગાઉ તેમના બે પુત્રો સ્વ.નંદુભાઈ પ્રહલાદભાઈ નાયક તથા સ્વ.મહેન્દ્રકુમાર પ્રહલાદભાઈ નાયક તથા પત્ની ગીરજાબેન પ્રહલાદભાઈ નાયકનુ પણ બીનવસીયતે અવસાન થયેલુ.જેથી મરહુમ શ્રી પ્રહલાદભાઈ નારણભાઈ નાયક તથા નંદુભાઈ પ્રહલાદભાઈ નાયક તથા મહેન્દ્રકુમાર પ્રહલાદભાઈ નાયકના અવસાન સમયે તેમના સીધી લીટીના કાયદેસરના વારસદારો તરીકે શ્રી જયંતીભાઈ પ્રહલાદભાઈ નાયક તથા કૈલાસબેન પ્રહલાદભાઈ નાયક તથા સુધાબેન પ્રહલાદભાઈ નાયક તથા શ્રી દિલીપકુમાર ઉર્ફે બીપીનભાઈ પ્રહલાદભાઈ નાયક તથા શ્રી રાજેન્દ્રકુમાર પ્રહલાદભાઈ નાયક તથા રંજનબેન તે નંદુભાઈ પ્રહલાદભાઈ નાયકની વિધવા તથા શ્રી નીતીનકુમાર નંદુભાઈ નાયક તથા ભાવનાબેન નંદુભાઈ નાયક તથા રીનાબેન નંદુભાઈ નાયક તથા જયોતીબેન નંદુભાઈ નાયક તથા પ્રતિમાબેન તે મહેન્દ્રકુમાર પ્રહલાદભાઈ નાયકની વિધવા તથા શ્રી અજયકુમાર મહેન્દ્રકુમાર નાયક તથા શ્રી અમરકુમાર મહેન્દ્રકુમાર નાયક તથા શ્રી દિપકકુમાર મહેન્દ્રકુમાર નાયક તથા આશાબેન મહેન્દ્રકુમાર નાયક સિવાય વારસદારોમાં બીજા કોઈ પુત્રો કે પુત્રીઓ અગર પત્ની કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમા શ્રી જયંતીભાઈ પ્રહલાદભાઈ નાયક વિગેરેના સંયુકત નામ દાખલ કરવા માટે મે.મામલતદાર સાહેબ,ઈ-ધરા કેન્દ્રની કચેરી રૂબરૂ અરજી,સોગંદનામુ,પેઢીનામુ તથા મરણનો દાખલો રજુ કરવાથી રેકર્ડ ઓફ રાઈટસમા એન્ટ્રી નં.૧૩૧૧૪ થી તા.૦૯/૦૫/૨૦૧૮ ના રોજ નામ દાખલ કરી સદર એન્ટ્રી તા.૧૧/૦૬/૨૦૧૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૩૮)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૭૫ ના હિસ્સા નં.૪ ની ૩૫૪૧ સ.ચો.મીટર જમીનના ફા.પ્લોટ નં.૩૨૨ ની ૨૧૨૫ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીનમા મલ્ટીપર્પઝ હેતુ માટેનો ઉપયોગ કરવા માટેની એન.એ. પરવાનગી મેળવવા માટે અમદાવાદના મે.કલેકટર સાહેબની કચેરીમા અરજી કરતા અમદાવાદના મે.કલેકટર સાહેબે તેમના હુકમ નં.સીબી/લેન્ડ-૨/એનએ/એસઆર-૯૫૬/૨૦૧૮/FMPS NO.323282 થી તા. ૨૯/૧૦/૨૦૧૮ ના રોજ હુકમ કરેલ છે.

(૩૯)..ત્યારબાદ મજકુર સર્વે નં. ૮૭૫/૪ ની ૩૫૪૧ સ.ચો.મીટર ખાતા નં.૩૩૭ વાળી જમીનને ટી.પી.સ્કીમ નં.૭૬બી (ચાંદખેડા)મા આવરી લઈ ફાળવવામા આવેલ ફા.પ્લોટ નં.૩૨૨ ની ૨૧૨૫ સ.ચો.મીટર મલ્ટીપર્પઝ ઉપયોગ માટેની બિનખેતીની જમીન તેના માલીકો જયંતિભાઈ પ્રહલાદભાઈ નાયક વિગેરે તથા કન્ફરમીંગ પાર્ટી તરીકે "સંકલ્પ ઈન્ફ્રાસ્ટ્રકચર" એ નામની માલીકી પેઢીના માલીક શ્રી હિતેશકુમાર ઈશ્વરલાલ ઠક્કર પાસેથી તમો "કૌટીલ્ય ડેવલોપર્સ"એ નામની પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર..શ્રી કિરણ રસીકલાલ કામદારે તા.૨૨/૧૧/૨૦૧૮ ના રોજ

રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમદાવાદ શહેર વિભાગ-૨ (વાડજ)ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૨૦૫૪૬ થી તેજ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબજેદારના કોલમમા "કૌટીલ્ય ડેવલોપર્સ"એ નામની પેઢીના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર..શ્રી કિરણ રસીકલાલ કામદારનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૧૩૩૫૫ થી તા.૦૧/૧૨/૨૦૧૮ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૩/૦૧/૨૦૧૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૪૦)..ત્યારબાદ તમો પેઢીએ મજકુર **ફા. પ્લોટ નં. ૩૨૧ તથા ફા. પ્લોટ નં.૩૨૨ ની કુલે - ૫૫૨૫ સ.ચો.મીટર** મલ્ટીપર્પઝ હેતુ માટેની બીનખેતીના ઉપયોગવાળી જમીનમા રહેણાંક તથા વાણિજ્ય હેતુ માટેનુ બાંધકામ કરવા માટેના પ્લાન તમો,પેઢીએ તમારા ખર્ચે તૈયાર કરાવી મંજુર કરાવવા અર્થે અમદાવાદ મ્યુની.કોર્પોરેશનની કચેરીમા મુકતા અમદાવાદ મ્યુની.કોર્પોરેશનના મે. આસીસટન્ટ ટાઉન ડેવલપમેન્ટ ઓફીસર સાહેબે,તેમના હુકમ નં.**BHNTI/WZ/210522/CGDCRV/A6107/RO/M1** થી તા.૨૮/૦૭/૨૦૨૨ ના રોજ બ્લોક નં.**"A+B"** ના ૭૪ ફલેટો તથા ૨૬ દુકાનોના પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.**06627/210522/A6107/RO/M1** થી તથા હુકમ નં. **BHNTI/WZ/210522/CGDCRV/A6108/RO/M1** થી તા.૨૮/૦૭/૨૦૨૨ ના રોજ બ્લોક નં.**"C"** ના ૪૦ ફલેટોના પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.**06628/210522/A6108/RO/M1** થી તથા હુકમ નં. **BHNTI/WZ/210522/CGDCRV/A6109/RO/M1** થી તા.૨૮/૦૭/૨૦૨૨ ના રોજ બ્લોક નં.**"D"** ના ૪૦ ફલેટોના પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.**06629/210522/A6109/RO/M1** થી તે જ તારીખે આપેલ છે.

ત્યારથી **સર્વે નં.૮૭૫/૩** ની ૫૬૬૬ સ.ચો.મીટર ખાતા નં.૫૯ વાળી જમીનને ટી.પી.સ્કીમ નં.૭૬/બી (ચાંદખેડા) મા આવરી લઈ ફાળવવામા આવેલ ફા.પ્લોટ નં.૩૨૧ ની ૩૪૦૦ સ.ચો.મીટર જમીન તથા **સર્વે નં.૮૭૫/૪** ની ૩૫૪૧ સ.ચો.મીટર ખાતા નં.૩૩૭ વાળી જમીનને ટી.પી.સ્કીમ નં. ૭૬/બી (ચાંદખેડા) મા આવરી લઈ ફાળવવામાં આવેલ ફા. પ્લોટ નં.૩૨૨ ની ૨૧૨૫ સ.ચો.મીટર બિનખેતીના ઉપયોગવાળી જમીન મળી કુલે-૫૫૨૫ સ.ચો.મીટર બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીન તમો **"કૌટીલ્ય ડેવલોપર્સ"** એ નામની ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તથા કોઈપણ પ્રકારના બોજા રહીત હોવાનુ જણાઈ આવે છે તથા સદર જમીન અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ- ભાગ,હકક,હીસ્સો કે હિત સંબંધ રેકર્ડ જોતા જણાઈ આવેલ નથી એ રીતે સદર જમીનના રાઈટસ ટાઈટલ્સ કલીયરન્સ અને માર્કેટેબલ હોવાનુ રેકર્ડ જોતા અમો આથી અભિપ્રાય આપીએ છીએ.

આજ તા.૧૦ માહે ઓગષ્ટ સને-૨૦૨૨ ના દીને શહેર અમદાવાદ મુકામે.

N. K. PATEL ADVOCATE G/425/1977

---------------------------------

**(શ્રી એન.કે.પટેલ એડવોકેટ)**